# બાજખેડાવાળ પત્રિકા

## बाजखेडावाल पत्रिका Bajkhedawal Patrika

વર્ષ : ૧૩
અંક : ૯
૨૦૧૯ : સપ્ટેમ્બર
આજીવન : રૂ. ૧૦૦૦/-

**: તંત્રી :**

**શ્રી મહાવીરપ્રસાદ એમ. દેસાઈ**

"શ્રી બ્રહ્મધામ", મહિલા સ્વામિનારાયણ મંદિર પાસે,
મહુધા-૩૮૭૩૩૫ ફોન : ૦૨૬૮-૨૫૭૨૦૪૪

**: પ્રકાશક :**

**શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા**

**શ્રી વિદ્યાબેન ચંદ્રપ્રસાદ ત્રિવેદી ભવન**

૧-૨, રામેશ્વર ફ્લેટ, બાજખેડાવાળ સોસાયટી પાસે, મણિનગર (પૂ), અમદાવાદ-૮
મોબાઈલ નંબર : ૭૫૭૩૯૭૮૪૭૭
કાર્યાલયનો સમય સવારે : ૧૦.૩૦ થી ૫.૩૦

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા
## પત્રિકાના આજીવન સભ્ય રૂા. ૧૦૦૦/-

| | | | |
|---|---|---|---|
| ૧. | વ્યોમેશ મધુસુદન શેલત | અમદાવાદ | ૪૬૧૭ |
| ૨. | હર્ષલ મનીષકુમાર જોષી | અમદાવાદ | ૪૬૧૮ |
| ૩. | મનિષા નિતિનકુમાર પંડ્યા | અમદાવાદ | ૪૬૧૯ |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભાના
## વિશિષ્ટ સહાય ફંડના દાતાશ્રીઓ

| | | | |
|---|---|---|---|
| ૧. | સ્વ. શ્રી અ.સો. મનહરબાળાબેન ભટ્ટ<br>હસ્તે શ્રી વિઠ્ઠલરાય જે. ભટ્ટ | અમદાવાદ | રૂ. ૫૧,૦૦૦/- |
| ૨. | શ્રી વંદનાબેન ડી. પટેલ | અમદાવાદ | રૂ. ૧૧,૦૦૦/- |
| ૩. | સ્વ. શ્રી મણીલાલ નરોત્તમ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૪. | સ્વ. શ્રી તારાબેન મણીલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૫. | સ્વ. શ્રી ભાસ્કરભાઈ મણીલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૬. | સ્વ. શ્રી સુશીલાબેન ભાસ્કરભાઈ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૭. | સ્વ. ઝવેરીલાલ છગનલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |
| ૮. | સ્વ. શ્રી વિદ્યાગોરી ઝવેરીલાલ ભટ્ટની સ્મૃતિમાં<br>હસ્તે શ્રી હેતલકુમાર ભાસ્કરભાઈ ભટ્ટ | અમદાવાદ | રૂ. ૧૫૫૧/- |

### જ્ઞાતિ ગૌરવ

- અમદાવાદ નિવાસી નિલીમાબેન હાર્દિકકુમાર ડણાયકની સુપુત્રી ચિ. વૃંદા હાર્દિક ડણાયક બી.ડી.એસ.ના ત્રીજા વર્ષમાં ગુજરાત યુનિ.માં પ્રથમ સ્થાન પ્રાપ્ત કરી જ્ઞાતિનું ગૌરવ વધાર્યું છે. જેનાં માટે તેનાં વડીલો તથા ભાઈ-બહેનો શુભેચ્છા પાઠવે છે. સુજાતાબેન મેહુલકુમાર દવે (ફોઈ-ફુવા), રિદ્ધી હર્ષકુમાર ભટ્ટ, હર્ષ નયનકુમાર ભટ્ટ, સિદ્ધી મેહુલકુમાર દવે, કવન મેહુલકુમાર દવે, વરૂણ હાર્દિકકુમાર ડણાયક તથા શિવ હર્ષકુમાર ભટ્ટ આ અંગે પત્રિકાને રૂ. ૫૦૧/- ભેટ મળેલ છે.

### ભેટ

- અ.સૌ. ઉર્મિલાબેન અશ્વિનભાઈ દવેના ૬૯માં જન્મદિન પ્રસંગે શ્રી અશ્વિનભાઈ દવે તરફથી રૂ. ૧૦૧/- પત્રિકાને ભેટ મળેલ છે.

### અવસાન નોંધ

- મૂળ ઉમરેઠ નિવાસી શ્રી ગોપાલ નર્મદાશંકર દવેનું તા. ૨૦-૦૭-૨૦૧૯ના રોજ દુ:ખદ અવસાન થયેલ છે. તેમના પત્ની ચંદ્રિકાબેન ગોપાલભાઈ દવે તરફથી રૂ. ૧૦૧/- સ્મૃતિભેટ મળેલ છે.
- અમારા પિતાશ્રી શ્રી સત્યનારાયણ મગનલાલ ઠાકર તા. ૧૭-૦૮-૨૦૧૯ના રોજ આણંદ મુકામે અક્ષરનિવાસી થયા છે. રાજેશ, અરૂણ, મુકેશ ઠાકર તરફથી રૂ. ૫૦૦/- સ્મૃતિભેટ મળેલ છે.
- સ્વ. સત્યનારાયણ મગનલાલ ઠાકર મુ. સોજીત્રા હાલ-આણંત તા. ૧૭-૮-૧૯ શનિવારના રોજ અક્ષર ધામ શ્રીજી ચરણ થયા છે.

# તંત્રી લેખ...

## શ્રીમદ ભગવદ ગીતા : અધ્યાય-૫, કર્મ, સંન્યાસ યોગ

ભગવાન શ્રીકૃષ્ણની અટપટી વાતો સાંભળી અર્જુન મૂંઝાયો અને કહ્યું, તમે એક બાજુ કર્મનાં સંન્યાસની અને બીજી બાજુ કર્મયોગની પ્રશંસા કરો છો. આ બંનેમાંથી મારા માટે જે વધુ કલ્યાણકારી હોત તે કહો.

શ્રીકૃષ્ણ બોલ્યા કર્મસન્યાસ એટલે કે મન, ઈન્દ્રિયો અને શરીર દ્વારા થનારાં બધાં કર્મોમાં કર્તા પણાનો ત્યાગ તથા કર્મયોગ એટલે કે સમત્વબુદ્ધિથી ભગવદર્થે કર્મો કરવા, આ બે પરમ કલ્યાણ કરનારાં છે; પણ એ બંનેમાં કર્મસંન્યાસ કરતા કર્મયોગ સાધનમાં સુગમ હોવાથી શ્રેષ્ઠ છે.

જે કોઈ માણસ ન તો કોઈનો દ્વેષ કરે છે, કે ન તો કશાયની આકાંક્ષા કરે છે, તે કર્મયોગી સદા સન્યાસી જ સમજવા યોગ્ય છે; કેમ કે કોઈ પણ રાગદ્વેષ વગેરે દ્વંદ્વ વિનાનો માણસ સુખપૂર્વક આ સંસારના બંધનમાંથી મુક્ત થઈ જાય છે. કેટલાક બાળકબુદ્ધિના માણસો સંન્યાસ અને કર્મયોગને અલગ અલગ ફળ આપનારા કરે છે, ડાહ્યા માણસો નહીં; કેમ કે બંનેમાંથી એકમાં પણ સમ્યક રીતે સ્થિત કોઈ પણ માણસ બેયના ફળસ્વરૂપ પરમાત્માને જ પામે છે અને એ જ યથાર્થ છે. તેમ છતાં પણ, કર્મયોગ વિના સંન્યાસ પ્રાપ્ત થવો મુશ્કેલ છે; જ્યારે ભગવદ સ્વરૂપનું મનન કરનાર કર્મયોગી પરબ્રહ્મ પરમાત્માને વિના વિલંબે પામી જાય છે.

જેનું મન પોતાને વશ છે, જે જીતેન્દ્રિય છે, જેનું અંતઃકરણ વિશુદ્ધ છે તથા સઘળાં પ્રાણીઓના આત્માસ્વરૂપ પરમાત્મા જ જેનો આત્મા છે, એવા કર્મયોગી કર્મ કરતો હોવા છતાં પણ તેનાથી લેપાતો નથી.

તત્વને જાણનારો સાંખ્યયોગી તો જોતો, સાંભળતો, સ્પર્શ કરતો, સુંઘતો, જમતો, ચાલતો, ઊંઘતો, શ્વાસ લેતો, બોલતો, ત્યાગતો, ગ્રહણ કરતો તેમ જ આંખો ઉઘાડતો કે મીંચતો હોવા છતાં પણ 'સર્વ ઈન્દ્રિયો પોતપોતાના અર્થોમાં એટલે કે વિષયોમાં વર્તી રહી છે' એમ સમજીને નિ:શંકપણે એમ માને છે કે હું કશું જ નથી કરી રહ્યો. જે માણસ બધાં કર્મોને પરમાત્મામાં અર્પીને તેમજ આસક્તિ છોડીને કર્મ કરે છે, એ માણસ જળથી કમળનાં પાંદડાંની પેઠે લેપાતો નથી.

કર્મયોગીઓ કોઈ પણ મમત્વભાવ રાખ્યા વિના જ કેવળ ઈન્દ્રિય, મન, બુદ્ધિ તેમજ શરીર દ્વારા થનારી સઘળી ક્રિયાઓમાં આશક્તિ ત્યજીને અંતઃકરણની શુદ્ધિ માટે કર્મ કરે છે. કર્મયોગી આકર્મોના ફળને ત્યજીને ભગવત પ્રાપ્તિ સ્વરૂપ શાંતિ મેળવે છે, જ્યારે સકામ માણસ કામનાની પ્રેરણાથી ફળમાં આસક્ત થઈને બંધાય છે.

અંતઃકરણ જેના વશમાં છે, એવા સાંખ્યયોગનું આચરણ કરનાર મનુષ્ય કશું ન કરતો કે કરાવતો રહીને જ નવ દ્વારોના શરીરરૂપી ઘરમાં સઘળાં ય કર્મોને મનથી ત્યજીને આનંદપૂર્વક સચ્ચિદાનંદ ઘન પરમાત્માના સ્વરૂપમાં સ્થિત રહે છે. પરમેશ્વર માણસોના ન તો કર્તાપણાને, ન કર્મોને કે ન તો કર્મફળના સંયોગને સર્જે છે; પણ સ્વભાવ અર્થાત ત્રિગુણમયી પ્રકૃતિ જ પ્રવર્તે છે. સર્વવ્યાપી પરમેશ્વર ન તો કોઈના પાપકર્મને ગ્રહણ કરે છે કે ન કોઈના શુભકર્મને; પરંતુ અજ્ઞાન વડે જ્ઞાન ઢંકાયેલું છે, એનાથી જ બધા અજ્ઞાની માણસો મોહ પામે છે.

પણ જેમનું એ અજ્ઞાન પરમાત્માના તત્વજ્ઞાન વડે નષ્ટ કરી નાંખવામાં આવ્યું છે, એમનું એ જ્ઞાન સૂર્યની જેમ એ સચ્ચિદાનંદઘન પરમાત્માને પ્રકાશિત કરી દે છે અને પરમાત્માના

સ્વરૂપનો સાક્ષાત્કાર કરાવે છે. જેમના મન અને બુદ્ધિ પરમાત્મામાં જ તદ્રુપ થઈ રહ્યાં છે અને સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ જેમની નિરંતર એકાત્મભાવે સ્થિતિ છે, એવા પરમાત્મપરાયણ મનુષ્યો જ્ઞાન દ્વારા પાપરહિત થઈને અપૂનરાવૃતિ એટલે કે પરમગતિને પામે છે. એવા જ્ઞાનીજનો વિદ્યા અને વિનયશીલ બ્રાહ્મણમાં તથા ગાય, હાથી, કૂતરા કે ચાંડાળમાં યે સમાન દૃષ્ટિવાળા હોય છે. જેમનું મન સમભાવમાં સ્થિત છે, તેમણે આ જીવંત અવસ્થામાં જ સકળ સંસાર જીતી લીધો છે; કેમ કે સચ્ચિદાનંદઘન પરમાત્મા નિર્દોષ અને સમ છે, માટે તેઓ સચ્ચિદાનંદઘન પરમાત્મામાં જ સ્થિત છે.

જે માણસ પ્રિયને પામીને હરખાય નહીં તેમજ અપ્રિયને પામીને અકળાય નહીં, એ સ્થિરબુદ્ધિનો અને સંશય વિનાનો બ્રહ્મવેત્તા મનુષ્ય સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્મામાં એકાત્મભાવે કાયમ સ્થિત છે. બહારના વિષયોમાં આસક્તિ વિના અંતઃકરણવાળો સાધક આત્મામાં સ્થિત જે ધ્યાનજનિત સાત્વિક આનંદ છે, એને પામે છે. એ પછી એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માના ધ્યાનસ્વરૂપ યોગમાં અભિન્નભાવે સ્થિત માણસ અક્ષય આનંદને અનુભવે છે.

જે આ ઈન્દ્રિય અને વિષયોના સંયોગથી ઉત્પન્ન થતા સર્વ ભોગો છે, તે બધા – જો કે વિષયી માણસોને સુખસ્વરૂપ ભાસે છે, તો પણ – નિઃશંકપણે દુઃખના જ હેતુ છે; વળી આદિ અને અંતવાળા એટલે કે અનિત્ય છે, માટે જ ડાહ્યો અને વિવેકી માણસ એમનામાં આસક્ત રહેતો જ નથી, જે સાધક આ મનુષ્ય શરીરમાં, દેહનો નાશ થયા પહેલાં જ કામ-ક્રોધમાંથી ઉદ્ભવતા વેગના સહેવા સમર્ત બની જાય છે, એ જ માણસ યોગી છે અને એ જ સુખી છે.

જે માણસ અંતરાત્મામાં જ આનંદ અનુભવનારો છે, આત્મામાં જ રમનારો છે અને જે આત્મામાં જ જ્ઞાનસ્વરૂપ પરમાત્માનો અનુભવ કરનારો છે, એ સચ્ચિદાનંદઘન પરબ્રહ્મ પરમાત્માની સાથે ઐક્ય પામેલો સાંખ્યયોગી શાંત બ્રહ્મને પામે છે. જેમનાં સઘળાં પાપ નષ્ટ થઈ ચૂક્યાં છે, જેમના સઘળાં સંશયો જ્ઞાન દ્વારા નિવૃત્ત થઈ ચૂક્યા છે, જેઓ સર્વ પ્રાણીઓના હિતમાં રત છે તેમજ જેમનું જીતાયેલું મન નિશ્ચલભાવે પરમાત્મામાં જ સ્થિત છે, એવા બ્રહ્મવેતા માણસો શાંત બ્રહ્મને પામે છે. કામ, ક્રોધ વિનાના જીતેલા ચિત્તવાળા પરબ્રહ્મ પરમાત્માનો સાક્ષાત્કાર કરી ચૂકેલા જ્ઞાનીજનો માટે ચારેકોર શાંત પરબ્રહ્મ પરમાત્મા જ પરિપૂર્ણ છે. બહારના વિષયભોગોનું ચિંતન કર્યા વિના તેમને બહાર જ ત્યજીને અને આંખોની દૃષ્ટિને ભ્રમરોની મધ્યમાં સ્થાપીને તથા નાસિકામાં વિચરતા પ્રાણ અને અપાન વાયુને સમ કરીને જેણે ઈન્દ્રિયો, મન અને બુદ્ધિને જીત્યાં છે, એવો જ મોક્ષપરાયણ, મુનિ સમ, ઈચ્છા, ભય અને ક્રોધ વિનાનો થઈ ગયો છે, એ સદા મુક્ત જ છે. મને ભજનાર મારો ભક્ત મને સુહૃદપણે પામીને પ્રેમતત્વરૂપ શાંતિને પામે છે. આમ આ અધ્યાયમાં ઈશ્વર પ્રતિ આસ્થાનું મૂલ્ય અને સંસારના સઘળા ભોગવિલાસનું અવમૂલ્યન દર્શાવ્યું છે. જે માનવમાત્રને ઈશ્વર ભક્તિ પ્રતિ દોરી જાય છે અને અપ્રતિમ શાંતિની પ્રાપ્તિનો માર્ગ બતાવેલ છે.

અસ્તુ શુભમ ભવતુ, કલ્યાણમ અસ્તુ.

**લિ. મહાવીરપ્રસાદ દેસાઈ**
**તંત્રી – બાજખેડાવાળ પત્રિકા**
**સંકલન – શ્રી જગતભાઈ દવે**
**શ્રી અ.ભા.બા.ખે.હિ. સભા, અમદાવાદ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી વૈશાલી સમીર દવે

શ્રી વૈશાલીબેન સમીરભાઈ દવેનો જન્મ ૧૯૮૩માં ડેમોલ આણંદ ખાતે થયો હતો.

તેઓશ્રીના પિતા સ્વ. સતિષચંદ્ર મોહનલાલ દવે (જલારામ ડેરી, ડાકોર) અને માતા - ઉર્મિલાબેન સતિષચંદ્ર દવે છે. તેઓશ્રીએ પોતાની એમ.કોમ. સુધીનો અભ્યાસ ડાકોર ખાતેની ભવન્સ કોલેજમાં કરેલ છે. હાલ ડાકોર સ્થિત જલારામ ડેરીનું સંચાલન વૈશાલીબેનના ભાઈશ્રી મેહુલ સતિષચંદ્ર દવે કરે છે.

વૈશાલીબેનના લગ્ન સુભાષચંદ્ર અંબાલાલ દવે અને જયશ્રીબેન સુભાષચંદ્ર દવે, ગંગાપોળ, ઉમરેઠના સુપુત્ર સમીર સુભાષચંદ્ર દવે સાથે વર્ષ ૨૦૦૫માં થયા. હાલ તેઓ અમદાવાદ મુકામે વસવાટ કરે છે. સમીર સુભાષચંદ્ર દવે બી.કોમ., એલ.એલ.એમ.-અમદાવાદ અભ્યાસ કરેલ છે અને હાલ વ્યવસાયે એડવોકેટ છે. તેઓશ્રી જ્ઞાતિના સેવાકાર્ય માટે સદાય તૈયાર હોય છે. સમીરભાઈ જ્ઞાતિની અનેક સંસ્થાઓમાં તેમની સેવાઓ પૂરી પાડે છે.

વૈશાલીબેનને સંતાનરત્નમાં ૨ દિકરીઓ છે (૧) માર્મિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે. તે હાલ ધોરણ -૭માં અભ્યાસ કરે છે. (૨) સ્વસ્તિકા સમીર દવે જેનો જન્મ ૨૦૦૭માં થયેલ છે તે હાલ ધોરણ-૨માં અભ્યાસ કરે છે.

તેઓના પરિવારે ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનને ખૂબ ખૂબ શુભકામનાઓ પાઠવી છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી કિરીટકુમાર પી. દવે

શ્રી કિરીટકુમાર પુરુષોત્તમ દવેનો જન્મ ચેન્નઈ મહાનગરમાં થયો. તેઓનું મૂળ વતન સોજીત્રા છે. પરંતુ અભ્યાસ પૂર્ણ રીતે ચેન્નઈમાં કર્યો. પ્રાથમિક શિક્ષણ, માતૃભાષા ગુજરાતીમાં પ્રાપ્ત કર્યું. ત્યારબાદ અંગ્રેજી માધ્યમમાં જ B.Com સુધી અભ્યાસ કર્યો અભ્યાસ દરમ્યાન ખૂબ જ તેજસ્વી હતા. તેથી અભ્યાસ સાથે ટ્યુશન તથા એકાઉન્ટનું કામ કરતા હતા. ત્યારબાદ L.L.B. નો પણ અભ્યાસ કર્યો અને Income Tax Sales Taxની પ્રેકટીસ શરૂ કરી. વિદ્યાર્થી અવસ્થાથી જ સામાજીક સેવામાં રસ લેતા હતા, તેથી વ્યવસાય સાથે સેવાના ગુણ પણ વિકાસ પામ્યા. તેમના લગ્ન ચેન્નઈમાં જ શ્રીમતી માયાબેન સાથે થયાં. તેમને વ્યવસાય કુશળતા હોવાથી લોકપ્રિયતા પ્રાપ્ત કરી. તેમના બંને સુપુત્રો વિદેશમાં છે. બંને પુત્રો ભણવામાં ખૂબ જ તેજસ્વી હતા. સુંદર શિક્ષણ મળ્યા બાદ પોતાની આગવી વિશિષ્ટ પ્રતિભાથી તેમને પરદેશમાં સારી નોકરી મળી ગઈ. તેમનો મોટો પુત્ર પરિવાર સાથે સિંગાપુરમાં વસવાટ કરે છે. નાનો પુત્ર પણ પોતાના પરિવાર સાથે કેનેડામાં વસવાટ કરે છે આપશ્રીને ચેન્નઈમાં મેળવેલી પ્રતિષ્ઠાથી, સુંદર કાર્યથી તથા મિલનસાર સ્વભાવથી સૌનો પ્રેમ સંપાદિત કરી શક્યા. વયની સાથે તેમના પત્ની શિક્ષિકા તરીકે સરકારી નોકરીમાંથી નિવૃત્ત થયા. હવે બંને નિવૃત્તનું જીવન શાંતિથી પસાર કરવા આણંદમાં છેલ્લા ચાર-પાંચ વર્ષોથી સ્થાયી થયા છે. અહીં પમ આપ તન, મન અને ધનથી સેવા કરવામાં ઓતપ્રોત રહયા છે. સાથે સાથે ઈશ્વર પરાયણ પણ રહ્યા છે. આપણા દ્વારા સમાજને સારો સહકાર મળે છે. આપની સેવા ભાવના, કર્તવ્યનિષ્ઠા તથા પરોપકારી વિચારોથી આણંદમાં પણ વિશાળ મિત્ર વૃંદ બનાવી શક્યા છો.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## ડૉ. પ્રતિન ગિરીષભાઈ ભટ્ટ

જન્મ તા. ૨૬-૦૯-૧૯૮૪ વતન - ઉમરેઠ

મૂળ ઉમરેઠના સ્વ ગિરીષભાઈ સોમેશ્વર ભટ્ટ તથા માલિનીબેન જી. ભટ્ટ હાલ અમદાવાદ નિવાસીના સુપુત્ર ડૉ. પ્રતિન ભટ્ટનો શાળાકીય અભ્યાસ શેઠ સી. એન. વિદ્યાવિહાર, આંબાવાડી, અમદાવાદમાં થયો હતો. શાળાકીય અભ્યાસથી જ તેઓ ખૂબ મહેનત અને અભ્યાસ પ્રત્યે ખંતિલા હતા. આપણી જ્ઞાતિમાં અમદાવાદ ખાતે તેઓએ ધો.૧૦ અને ધો.૧૨માં પ્રથમ ક્રમાંક મેળવી અનુક્રમે ૯૩.૪૩% તથા ૯૨.૧૧% માર્ક્સ સાથે ઉત્તીર્ણ થયા હતા. ત્યારબાદ MBBSનો અભ્યાસ S.S.G. હોસ્પીટલ વડોદરાથી કર્યો હતો. M.D. (Medicine) ની ડીગ્રી તેઓએ B. J. Medical કોલેજ (સિવીલ હોસ્પીટલ) અમદાવાદમાંથી મેળવેલ ત્યારબાદ સુપર સ્પેશ્યાલીટીનું ભણવા તેઓ Sheth K.E.M. Hospital મુંબઈમાં એડમીશન મેળવી D. M. Gastroenterology ની ડીગ્રી પ્રાપ્ત કરેલ છે.

હાલ તેઓ Consultant Gastroenteroloist તરીકે "અંશ ગેસ્ટ્રો ક્લીનીક", મણીનગર, અમદાવાદમાં ડૉ. સંજય રાજપૂત સાહેબને ત્યાં કાર્યરત છે.

તેઓના પત્ની ડૉ. તેજલ ભટ્ટ પણ M.D. Pathologist તરીકે Unipath Laboratury આંબાવાડી, અમદાવાદમાં કાર્યરત છે. તેમનો એક દિકરી ચિ. જન્ય હાલમાં ૧.૫ વર્ષનો છે. તેઓ તેમના માતા સાથે અમદાવાદ સ્થાયી થયેલ છે.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



## શ્રી પ્રશાંતકુમાર નટવરલાલ દવે

આણંદ નિવાસી અ.નિ. સ્વ. નટવરલાલ નાથાલાલ દવે તથા અ.નિ.સ્વ. હસુમીતબેન નટવરલાલ દવેના પુત્ર શ્રી પ્રશાંતકુમાર નટવરલાલ દવે, રહે. ઉંડી શેરી, માતાવાળી પોળ, આણંદ, વ્યવસાયે વકીલ અને આણંદ બાજખેડાવાળ મંડળમાં કારોબારી સભ્ય તરીકે ફરજ બજાવી રહ્યા છે તથા અનેક વિધ ધાર્મિક તથા સામાજિક સંસ્થાઓ સાથે સંકળાયેલ છે.

અ.નિ. સ્વ. નટવરલાલ નાથાલાલ દવે તથા અ.નિ.સ્વ. હસુમીતબેન નટવરાલ દવેનાઓએ આણંદ બાજખેડાવાળ સમાજમાં આપેલા ઉમદા સેવાઓ તથા સમાજ પ્રત્યેની ફરજ અદા કરવા, તેઓ તથા તેમના ભાઈ પ્રદિપકુમાર નટવરલાલ દવે તથા પરિવાર તરફથી શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધખ સભાના ૩૨માં અધિવેશને શુભેચ્છા પાઠવે છે.

લી.

પ્રિતી પ્રશાંતકુમાર દવે  અનુજ પ્રશાંતકુમાર દવે  ધરા અનુજ દવે  વૈશાખી પ્રશાંતકુમાર દવે

કલ્પના પ્રદિપકુમાર દવે  ખંજન પ્રદિપકુમાર દવે શિવાની ખંજન દવે

તથા

સમસ્ત સ્વ. નટવરલાલ નાથાલાલ દવે પરિવાર

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી ચિંતન કૃષ્ણપ્રસાદ (કિરીટભાઈ) પંડ્યા**

જન્મ તા. ૧૨–૦૪–૧૯૮૩

આપશ્રી જ્ઞાતિના યુવાન, ખંતીલા અને નિરાભીમાની યુવા કાર્યકર શ્રી ચિંતનભાઈનો જન્મ આણંદ નિવાસી સ્વ. શાંતાબેન ભાનુપ્રસાદ પુરુષોત્તમદાસ પંડ્યાના જયેષ્ઠ પુત્ર શ્રી કૃષ્ણપ્રસાદ (કિરીટભાઈ) તથા રંજનબેન અંબાલાલ દવેની કુખે નડીયાદ મુકામે થયો હતો. બાલમંદિરથી ધોરણ–૧૨ (કોમર્સ)નું શિક્ષણ ડી.એન. હાઈસ્કૂલ આણંદ ખાતે મેળવ્યું હતું. તેઓએ બી.કોમ. (એકાઉન્ટ એન્ડ ફાયનાન્સ) આણંદ કોમર્સ કોલેજ આણંદ ખાતેથી પૂર્ણ કર્યું હતું. તેમણે આણંદ ઈન્સ્ટીટ્યુટ ઓફ બીઝનેસ સ્ટડીઝ ખાતેથી એમ.કોમ. (ફાયનાન્સ એન્ડ એકાઉન્ટ) ફર્સ્ટ કલાસ સાથે પૂર્ણ કર્યું. ત્યારબાદ ડીપ્લોમાં ઈન ટેક્ષેસન લોઝ એન્ક પ્રેકટીસીસ (D.T.P.) આણંદ લો કોલેજ ખાતેથી ફર્સ્ટ કલાસ વીથ ડીસ્ટીંગશન ગોલ્ડ મેડલ સાથે પૂર્ણ કર્યું. તેઓના પિતાશ્રી કિરીટભાઈ પંડ્યા અંગ્રેજીના પ્રોફેસર તરીકે બોરસદ કોલેજમાં ૪૦ વર્ષ સુધી સેવા બજાવી હતી. આણંદ લો કોલેજમાં પણ તેઓ માનદ્ સેવા આપતા હતા. માતા રંજનબેન પાસેથી ચિંતનભાઈએ બાળપણથી જ અદ્ભૂત કેળવણી પ્રાપ્ત કરી. વર્ષ ૨૦૦૭માં પિતાજીના અચાનક અવસાન બાદ તેઓના માથે જવાબદારી આવી પડી. ચિંતનભાઈએ દોઢ વર્ષ સુધી એમ.એ.શાહ, સી.એ. કંપનીમાં ટ્રેનીંગ મેળવી. ત્યારબાદ તેઓએ તેમને એકાઉન્ટીંગ અને ફાયનાન્સમાં રસ ધરાવતા હોઈ પોતાના સ્વતંત્ર પ્રેકટીસની શરૂઆત કરી અને તેમના પિતાજીનું સ્વપ્ન પરિપૂર્ણ કર્યું. શરૂઆતથી જ તેઓની નોકરી ન કરવી અને ઈન્કમટેક્ષ એકાઉન્ટીંગની પ્રેકટીસ કરવી તેવો ધ્યેય રાખેલ હતો તે પરિપૂર્ણ કર્યો. તા. ૭–૫–૨૦૦૯ના રોજ તેઓના લગ્ન અમદાવાદ નિવાસી શ્રી ચેતનભાઈ તથા ભાવનાબેનની સુપુત્રી ચિ. શ્રુતિ સાથે થયા. શ્રુતિબેન બી.એસ.સી. (હોમ સાયન્સ) તથા એમ.એ. વિથ ક્લીનીકસ સાયકલોજી અને ડીપ્લોમાં ઈન એજ્યુકેશન એન્ડ પેરેન્ટ કાઉન્સીલીંગ થયેલી છે.

શ્રુતિબેન ખૂબ જ સરળ, સમજુ અને સંસ્કારી પત્ની તરીકે તેઓને જીવનના દરેક તબક્કે સાથ સહકાર આપે છે. શ્રુતિબેન હાલ વી. સી. પટેલ ઈગ્લીંશ સ્કૂલ (બી.એસ.સી.) વિદ્યાનગર ખાતે એજ્યુકેશન કાઉન્સીલર અને સ્પેશીયલ એજ્યુકેટર તરીકે ફરજ નિભાવે છે. શ્રુતિબેન શ્રેષ્ઠ પુત્રવધુ, પત્ની અને માતા તરીકેની જવાબદારી ખૂબ સફળતાપૂર્વક નિભાવે છે.

સફળ લગ્નજીવનના ભાગ રૂપે તેમને ત્યાં ૨૯-૦૧-૨૦૧૩ના રોજ લક્ષ્મીરૂપે તેઓની દીકરી મીરાનો જન્મ થયો. તેઓની દીકરા મીરા સંગીત, ડાન્સ રમત-ગમત, મેન્ટલ મેથસ અને કરાટેમાં ખૂબ જ રસ ધરાવે છે અને અલગ અલગ સ્પર્ધાઓમાં ભાગ લઈ મેડલસ અને સર્ટીફિકેટ પ્રાપ્ત કરે છે. ચિ. મીરા હાલ 1st Standard માં CBSE સ્કૂલમાં અભ્યાસ કરે છે.

ચિંતનભાઈ રાજકારણમાં નાનપણથી જ રસ ધરાવે છે. ભારતીય જનતા પાર્ટીના તેઓ છેલ્લા ૧૫ વર્ષથી સક્રીય કાર્યકર તરીકે કામ કરે છે. હાલમાં તેઓ ભારતીય જનતા યુવા મોરચા આણંદ જીલ્લાના મીડીયા સેલના કન્વીનર તરીકે કાર્યરત છે.

ચિંતનભાઈ પોતાની ઈન્કમટેક્ષ તથા એકાઉન્ટીંગની સ્વતંત્ર પ્રેક્ટીસ ધરાવે છે. સાથો સાથ તેઓ શેરબજાર સાથે પણ સંકળાયેલા છે.

ચિંતનભાઈ અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા અને બાજખેડાવાળ મંડળ આણંદમાં સક્રીય કારોબારી સભ્ય તરીકે કાર્યરત છે. તેઓ જ્ઞાતિ સમાજના અધિવેશનો તથા અન્ય કાર્યક્રમોમાં સક્રીય રીતે ભાગ લે છે. ચિંતનભાઈ તેમના માતા રંજનબેન, પત્ની શ્રુતિ તથા દીકરી મારી સાથે આણંદ ઉલ્લાસપૂર્વક જીવન વ્યતીત કરે છે. ચિંતનભાઈ તેઓના માતા-પિતાના આશીર્વાદ અને પત્ની શ્રુતિના સાથ સહકાર અને દીકરી મીરાના કારણે જીવનના દરેક ક્ષેત્રમાં સફળતા મેળવે છે તેઓનો ફાળો અમૂલ્ય છે.

જય મહાદેવ

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી આસુતોષ અશ્વિનભાઈ પંડ્યા**

જન્મ તા. ૨૫-૦૭-૧૯૬૧

રહેઠાણ - દર્શન, નગર પંચાયત દવાખાના પાસે, વિદ્યાનગર

પ્રવૃતિ - રીટા. ગર્વમેન્ટ એન્જીનીયર, હાલ બાંધકામ ક્ષેત્રે સંકળાયેલા

સંતાન - એક પુત્ર, એક પુત્રી

અન્ય પ્રવૃતિ - સમસ્ત બ્રહ્મસમાજ આણંદ સાથે સંકળાયેલા

પત્ની - ભારતી આશુતોષ પંડ્યા

જન્મતારીખ - ૩-૧૧-૧૯૬૨

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
# ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**શ્રી પ્રકાશભાઈ ગજાનંદ પંડ્યા**

જન્મ તા. ૨૪-૦૨-૧૯૫૧

મૂળ વતન ઉમરેઠની તીખાની પોળમાં જાણીતા વૈદ્યરાજ સ્વ. દેવશંકર જેભાઈ પંડ્યાને (કે જેઓ શ્રી પ્રકાશભાઈ પંડ્યાના દાદા થાય)ને ત્યાં ત્રણ પુત્ર તથા બે પુત્રીનો પરિવાર હતો. સ્વ. મણીબેન દેવશંકર પંડ્યા તથા સ્વ. બોનજીબા તથા સ્વ. દેવશંકર પંડ્યાના દેખરેખ હેઠળ બધા બાળકોનો વિકાસ થયો. જેમાં મોટા દીકરા સ્વ. મણીભાઈ દેવશંકર પંડ્યા (સ્વ. ધનલક્ષ્મીબેન મણીભાઈ પંડ્યા), બીજા નંબરે સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યા, સ્વ. સદ્‌ગુણાબેન ગજાનંત પંડયા, નાના દીકરા સ્વ. વિનાયક દેવશંકર પંડ્યા (શ્રી પુષ્પાબેન વિનાયક પંડ્યા) તથા પુત્રી સ્વ. સવિતાબેન શેલત, સ્વ. નિમુબેન ડણાકનો સમાવેશ થતો. તે સમયે આર્થિક પરિસ્થિતિ નબળી હોવા છતાં આનંદિત જીવન કેવી રીતે જીવવું તે અવાર-નવાર વડીલો સાથેની વાતચીત પરથી ખબર પડતી હતી. અનેક તકલીફો વચ્ચે બાળકો મોટા થયા અને ઘરસંસારની શરૂઆત કરી.

શ્રી પ્રકાશભાઈના પિતાજી સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યાના લગ્ન મૂળવતન આણંદના શ્રી સદ્‌ગુણાબેન સાથે થયા. તેમના પરિવારમાં ચાર પુત્રી તથા બે દિકરા છે. મોટો દિકરો એટલે શ્રી પ્રકાશભાઈ જી. પંડ્યા તેમના લગ્ન ઉરેઠ નિવાસી સ્વ. સુરેશચંદ્ર સોમેશ્વર ભટ્ટ તથા સ્વ. તારાબેન એસ. ભટ્ટની મોટી દિકરી અસ્મિતા સાથે થયા. શ્રી પ્રકાશભાઈના પિતાજીની આર્થિક પરિસ્થિતિ સારી ન હોવા છતાં બધી દિકરીઓના લગ્ન સારી રીતે કરાવ્યા હતા. શ્રી પ્રકાશભાઈ બાળપણથી જ કપરી પરિસ્થિતિનો સામનો કર્યો હતો અને પરિસ્થિતિમાં સુધાર આવવાની શરૂઆત થઈ હતી ત્યાં જ તા. ૨૪-૨-૧૯૭૧ના દિવસે પિતાની છત્રછાયા ગુમાવી અને પરિવારની સંપૂર્ણ જવાબદારી તેમના શિરે આવી ગઈ. નાની ઉંમરમાં જ ભગવાને જીંદગીના દરેક પાઠ શ્રી પ્રકાશભાઈને શીખવાડી દીધા. આવા સમયે તેમની હિંમત તેમજ વડીલોના માર્ગદર્શન, માતા-પિતાના આશીર્વાદથી તથા પત્નીના સાથથી જીવનની નૌકા સરળતાથી ચલાવવા પ્રયાસ કરતા રહ્યાં અને તેમાં સફળતા પણ મળી. શ્રી પ્રકાશભાઈ અમદાવાદની પ્રતિષ્ઠિત બેંકમાં જોડાયા હતા અને તેમાં તેમના કાર્યબળને આધારે નોકરીમાં સતત પ્રગતિ કરતા રહ્યા હતા. જ્યારે સાચુ સુખ ભોગવવાનો વારો આવ્યો ત્યારે વધારે એક ફટકો પડ્યો અને તા. ૨૭-૧૨-૨૦૦૯ના રોજ તેમના ધર્મપત્નિ અ.સૌ. અસ્મિતાબેનનું દેહાવાસન થયું. શ્રી પ્રકાશભાઈ આટલા બધા આઘાત સહન કર્યા પછી આ એક વધારાનો આઘાત સહન કરવો કઠીન જ હતો. પરંતુ તે સમયે વિચાર આવ્યો કે દુ:ખ ભુલી જઈને નવી દિશા એટલે કે સેવાના કાર્યમાં મન પરોવી લેવું જેથી દુ:ખ ભુલાય અને સારા કાર્યના સહભાગી બની શકાય. અંતિમ દાયકાથી તેઓ સમાજના દરેક કાર્યક્રમમાં અગ્રેસર રીતે તન, મન અને ધનથી સહાય કરતા આવ્યા છે આ સેવા-સન્માનનો યશ શ્રી પ્રકાશભાઈ હંમેશા માતા-પિતા તેમજ વડીલોના આશીર્વાદ જ સમજે છે.

શ્રી પ્રકાશભાઈના પરિવારમાં બે પુત્રો વિશાલ તેમજ ધીરેન છે. બંને પુત્રો સારી નોકરી તેમજ તેમના કુટુંબ ધરાવે છે. બંને દિકરાને ત્યા એક દિકરી તેમજ એક દિકરો છે. તેઓ પણ તેમના પિતાના કાર્યમાં સહભાગી બની રહ્યા છે.

શ્રી પ્રકાશભાઈએ ૩૨માં રાષ્ટ્રીય અધિવેશનની સફળતા માટે શુભેચ્છા પાટવી છે.

---

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદના અતિથિ વિશેષશ્રી



**સ્વ. સદ્‌ગુણાબેન ગજાનન પંડ્યા**

**જન્મ. તા. ૧૨–૧૧–૧૯૧૨** **મ.તા. ૫–૬–૨૦૦૭**

સ્વ. સદગુણાબેન ગજાનંદ પંડ્યાનો જન્મ દયાશંકર હરીશંકર દવેને ત્યાં શ્રી જશોદાબેન દયાશંકર દવેની કુખે આણંદ મુકામે ૧૨–૧૧–૧૯૧૨માં થયો. તેઓના કુટંબમાં ચાર ભાઈઓમાં સ્વ. મંગુભાઈ દવે, શ્રી ઈન્દ્રવદનભાઈ દવે, સ્વ. શ્રી દેવેન્દ્રભાઈ દવે, શ્રી હરીશભાઈ દવે તેમજ બહેનોમાં સ્વ. નંદીબેન પંડ્યા, સ્વ. મંજુબેન આમ વિશાળ કુટુંબમાં જન્મેલ અમારા માતૃશ્રી સ્વ. સદ્‌ગુણાબેન ગજાનંદ પંડ્યાના લગ્ન ઉમરેઠ નિવાસી સ્વ. શ્રી દેવશંકર જેભાઈ પંડ્યા તથા શ્રી મણીબેન દેવશંકર પંડ્યાના વચેટ પુત્ર સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યા સાથે થયા ખૂબ જ પરિશ્રમ દ્વારા તેઓએ તેમના દિકરા–દિકરીઓને ભણાવ્યા સ્વ. શ્રી સદ્‌ગુણાબેન સ્વભાવે સરળ, પરિસ્થિત પ્રમાણે જીવન જીવવાની તાકત ધરાવતા હતા. તેઓના બે પુત્રો શ્રી પ્રકાશભાઈ ગજાનંદ પંડ્યા અને શ્રી નિતીન ગજાનંદ પંડ્યા. શ્રી પ્રકાશભાઈ પંડ્યા બેંકમાંથી રીટાયર્ડ થયા બાદ સ્વ. નિરંજન મણીલાલ પંડ્યા કે જેઓ તેમના મોટા કાકાના દિકરા થાય તેમની પ્રેરણા લઈ જ્ઞાતિ સમાજના કાર્યોમાં સામાજિક પ્રવૃત્તિઓમાં જોડાયા આજે અમદાવાદના શ્રી બાજખેડાવાળ કેળવણી અને સંસ્કૃતિ મંડળ, શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભામાં તન–મન અને ધનથી સક્રિય પણે કાર્યરત છે. આ માટે માતા દ્વારા મળેલ સુવિચારો, કુટુંબ દ્વારા મળેલ સેવાના ગુણો તે લક્ષમાં લઈ સમાજના જરૂરીયાત મંદ કુટુંબો માટે સીધા કે આડકતરા મદદરૂપ થઈ રહેલ છે. આ માટે સ્વ. શ્રી સદ્‌ગુણાબેન ગજાનંદ પંડ્યાએ જે સિંચન કરી ઉછેર્યા હતા. તે જ તેઓને સાચી શ્રદ્ધાંજલી છે. આ માટે અમે અમારા માતૃશ્રીના ઋણી છીએ.

**સ્વ. બોનજીબા**

| | |
|---|---|
| **સ્વ. દેવશંકર જેભાઈ પંડ્યા** | **સ્વ. મણીબેન દેવશંકર પંડ્યા** |
| **સ્વ. ગજાનંદ દેવશંકર પંડ્યા** | **સ્વ. સદ્‌ગુણાબેન ગજાનંદ પંડ્યા** |
| **શ્રી પ્રકાશ ગજાનંદ પંડ્યા** | **સ્વ. અસ્મીતા પી. પંડ્યા** |
| **શ્રી વિશાલ પ્રકાશ પંડ્યા** | **શ્રી કે. વિશાલ પંડ્યા** |
| **શ્રી ધીરેન પ્રકાશ પંડ્યા** | **શ્રી તૃષા ધીરેન પંડ્યા** |
| **કુ. ચાંદીન ધીરેન પંડ્યા** | **ચિ. નૈતિક વી. પંડ્યા** |

અમારા પંડ્યા પરિવાર તરફથી અધિવેશન સફળ થાય
તેવી દેવાધી દેવ મહાદેવને અંતઃકરણપૂર્વકની પ્રાર્થના.

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## ૩૨માં રાષ્ટ્રીય અધિવેશન આણંદ



Late Shri Nilkanthray Hariharray Shukla
Smt. Madhukanta Nilkanthray Shukla

Shri. Yogeshkumar Nilkanthray Shukla (CANADA)
Smt. Nimisha Yogeshkumar Shukla (CANADA)

Shri Akshaykumar Nilkanthray Shukla
Late Smt. Jignasha Akshaykumar Shukla
Smt. Nalini Akshaykumar Shukla

Shri. Dilipkumar Nilkanthray Shukla
Smt. Asha Dilipkumar Shukla (CANADA)

Shri Jaykumar Jitendrabhai Shah (CANADA)
Smt. Jaykumar Shah (CANADA)

Ku. Pooja Dilipkumar Shukla (CANADA)

Shri Alpakumar Pankajbhai Bhatt (CANADA)
Smt. Mansi Alapkumar Bhatt (CANADA)

Chi. Tejas Akshaykumar Shukla

Chi. Bharat Yogeshkumar Shukla (CANADA)

## શ્રી બાજખેડાવાળ વિદ્યાર્થી સહાયક સહકારી મંડળી લી.-અમદાવાદ

## વિદ્યોતેજક ફંડના દાતા રૂ. ૨૫૦૦૦/-



### સ્વ. શ્રી ચંદ્રશંકર ભવાનીશંકર ઉર્ફે મંગુભાઈ ભવાનીશંકર દવે

અવસાન તા. ૦૧-૦૨-૧૯૭૬

શ્રી મંગુભાઈ ભવાનીશંકર દવેએ સીટી એન્ડ ગીલ્સ કોરસોડન્સ સ્કૂલ (લંડન સીટી)માં એન્જીનીયરીંગનો અભ્યાસ કરી. એન્જીનીયરીંગનો વ્યવસાય અપનાવ્યો હતો. તેમની પ્રેરણા લઈ તેમના મોટા ભાગના વારસો પણ એન્જીનીયર થયા છે. તેઓએ નડીયાદ મ્યુનિસિપાલીટીમાં વોટર સપ્લાસ સીસ્ટમ માટે માનદ્ સેવાઓ આપી હતી.

તેઓશ્રી સ્વભાવે નિડર, નિખાલસ અને કર્મઠ વ્યક્તિત્વના માલિક હતા.

તેઓશ્રીના પૂણ્ય આત્માની સ્મૃતિમાં તેઓના પુત્ર શ્રી ઉપેન્દ્રભાઈ દવેએ ફૂલની પાંખડી સમાજના વિદ્યોતેજક ફંડમાં અર્પણ કરી છે.

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ

## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૫૧૦૦૦/–ના દાતા



**સ્વ. અ.સૌ. મનહરબાળા (મનુબેન) વિઠ્ઠલરાય ભટ્ટ**

**જન્મ. તા. ૧–૧૨–૧૯૩૫** **અક્ષરનિવાસી તા. ૧૩–૧૦–૨૦૧૬**

**તૃતીય પૂણ્યતિથીએ શ્રદ્ધાંજલિ**

**વીઠ્ઠલરાય જે. ભટ્ટ (IRS)**

**સૌ. સ્મિતા શુકલ** **સૌ. નીતા પંડયા**

**સૌ. ટીના પંડ્યા** **સૌ. પીન્કી દેસાઈ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**ગં.સ્વ. શ્રી તારાબેન મણીલાલ ભટ્ટ**

જન્મ : ૧૯૧૬ મૃત્યુ : ૧૩-૦૭-૧૯૭૪

**વાત્સલ્યમૂર્તિ દાદીબાના ચરણોમાં વંદન**

| | | |
|---|---|---|
| સ્વ. પ્રદ્યુમનભાઈ | સ્વ. ભાસ્કરભાઈ | સ્વ. નરેન્દ્રભાઈ |
| સ્વ. હંસાબેન | સ્વ. સુશીલાબેન | શ્રીમતી હીલેરીબેન |
| હિમાંશુ-શૈલજા | હેતલકુમાર-વૈશાલી | |
| હિરેન-હીના | નમ્રતા, દેવાંશી | |
| ચિકિત્સાબેન | | |
| રૂચિ-ખિલવકુમાર-કવિત | | |
| વિધિ-હર્ષિતકુમાર | | |
| પંક્તિ, જુગલ | | |
| અ.સૌ. કોકિલાબેન | સ્વ. નીલાબેન | સ્વ. હેમલત્તાબેન |
| શ્રી મનહરલાલ | સ્વ. મનોજકુમાર | |
| ગૌરાંગ-હર્ષા | | |
| સ્વ. શશાંકભાઈ | | |
| દીપાલી-નીલેશકુમાર | | |
| પ્રણામી-દેવાંગકુમાર-અગત્સ્ય | | |
| કૃતજ્ઞા | | |

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**શ્રી મણીલાલ નરોત્તમદાસ ભટ્ટ**

*જન્મ : ૧૯૧૦* *મૃત્યુ : ૨૭-૦૭-૧૯૭૨*

**પ્રેરણામૂર્તિ દાદાજીના ચરણોમાં વંદન**

| | | |
|---|---|---|
| સ્વ. પ્રદ્યુમનભાઈ | સ્વ. ભાસ્કરભાઈ | સ્વ.નરેન્દ્રભાઈ |
| સ્વ. હંસાબેન | સ્વ. સુશીલાબેન | શ્રીમતી હીલેરીબેન |
| હિમાંશુ-શૈલજા | હેતલકુમાર-વૈશાલી | |
| હિરેન-હીના | નમ્રતા, દેવાંશી | |
| ચિકિત્સાબેન | | |
| રૂચિ-ખિલવકુમાર-કવિત | | |
| વિધિ-હર્ષિતકુમાર | | |
| પંક્તિ, જુગલ | | |

| | | |
|---|---|---|
| અ.સૌ. કોકિલાબેન | સ્વ. નીલાબેન | સ્વ. હેમલત્તાબેન |
| શ્રી મનહરલાલ | સ્વ. મનોજકુમાર | |
| ગૌરાંગ-હર્ષા | | |
| સ્વ. શશાંકભાઈ | | |
| દીપાલી-નીલેશકુમાર | | |
| પ્રણામી-દેવાંગકુમાર-અગત્સ્ય | | |
| કૃતજ્ઞા | | |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**શ્રીમતી સુશીલાબેન ભાસ્કરભાઈ ભટ્ટ**

*જન્મ : ૧૭-૧૦-૧૯૩૭* *મૃત્યુ : ૦૯-૦૬-૧૯૯૯*

**શ્રદ્ધાંજલિ સહ વંદન**

**હેતલકુમાર ભટ્ટ** **નમ્રતા ભટ્ટ**
**વૈશાલી ભટ્ટ** **દેવાંશી ભટ્ટ**

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા–અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/–ના દાતા



**શ્રી ભાસ્કરભાઈ મણીલાલ ભટ્ટ**

જન્મ : ૦૧–૦૮–૧૯૩૬ મૃત્યુ : ૦૬–૦૩–૨૦૧૭

**શ્રદ્ધાંજલિ સહ વંદન**

**હેતલકુમાર ભટ્ટ** **નમ્રતા ભટ્ટ**
**વૈશાલી ભટ્ટ** **દેવાંશી ભટ્ટ**

# શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. ઝવેરીલાલ છગનલાલ ભટ્ટ**

**શ્રદ્ધાંજલિ સહ વંદન**

| | | | | |
|---|---|---|---|---|
| સ્વ. કુમુદબેન | સ્વ. હસુબેન | સ્વ. સુશીલાબેન | સ્વ. મધુબેન | સ્વ. દીલીપભાઈ |
| | સ્વ. હર્ષદરાય | સ્વ. ભાસ્કરભાઈ | સ્વ. રમેશચંદ્ર | |
| | તૃપ્તિ-ઉર્વીલકુમાર | હેતલકુમાર-વૈશાલી | સ્મિતા-ગૌરાંગકુમાર | |
| | ક્રિષ્ના | નમ્રતા, દેવાંશી | ફાલ્ગુની, ગાર્ગી | |
| | | | ભાવિષા-આશિષકુમાર | |
| | | | પ્રિન્સી, માર્ગી | |

## શ્રી અખિલ ભારતીય બાજખેડાવાળ હિતવર્ધક સભા-અમદાવાદ
## વિશિષ્ટ સહાય ફંડ રૂ. ૧૫૫૧/-ના દાતા



**સ્વ. વિદ્યાગૌરી ઝવેરીલાલ ભટ્ટ**

*જન્મતિથી : ભાદરવા વદ અમાસ* *મૃત્યુતિથી : ભાદરવા વદ અમાસ*

*મૃત્યુ તારીખ : ૧૫-૧૦-૧૯૯૩*

**શ્રદ્ધાંજલિ સહ વંદન**

| | | | | |
|---|---|---|---|---|
| સ્વ. કુમુદબેન | સ્વ. હસુબેન | સ્વ. સુશીલાબેન | સ્વ.મધુબેન | સ્વ. દીલીપભાઈ |
| | સ્વ. હર્ષદરાય | સ્વ. ભાસ્કરભાઈ | સ્વ. રમેશચંદ્ર | |
| | તૃપ્તિ-ઉર્વીલકુમાર | હેતલકુમાર-વૈશાલી | સ્મિતા-ગૌરાંગકુમાર | |
| | ક્રિષ્ના | નમ્રતા, દેવાંશી | ફાલ્ગુની, ગાર્ગી | |
| | | | ભાવિષા-આશિષકુમાર | |
| | | | પ્રિન્સી, માર્ગી | |

## શ્રી બોરીવલ્લી બાજખેડાવાળ મંડળ

C/o શ્રીમતી છાયાબેન ટી. દવે, વિષ્ણુ ભવન, આનંદ રોડ, મલાડ (વેસ્ટ), મુંબઈ-૪૦૦૦૬૪

બોરીવલ્લી બાજખેડાવાળ મંડળ દ્વારા આયોજીત શ્રાવણીનો કાર્યક્રમ તા. ૧૪-૮-૧૯ના બુધવારે સવારે જનોઈ બદલવાની વિધિથી શરૂ થયો. એમાં લગભગ ૧૫ સભ્યોએ ભાગ લીધો હતો. વિધિ પૂર્ણ થયા બાદ લગભગ બપોરે ૧.૦૦ વાગે ફરાળ કરાવી હતી. ત્યારબાદ સાંજે ૬.૦૦ કલાકે વિદ્યાર્થીઓને ઈનામ વિતરણનો કાર્યક્રમ શરૂ કર્યો. જેમાં લગભગ ૨૦ વિદ્યાર્થીઓને ઈનામ મળ્યા હતા. સાંજે લગભગ ૧૧૫ સભ્યોએ સમૂહ ભોજનનો સ્વાદ માણ્યો હતો અને લગભગ રાત્રે ૯.૦૦ વાગે સહર્ષ બધા છૂટા પડ્યા.

**આગામી કાર્યક્રમ - શરદોત્સવ**

તા. ૧૨-૧૦-૧૯ શનિવાર-શરદોત્સવનો કાર્યક્રમ સાંજે ૬.૦૦ થી ૮.૦૦ રાખવામાં આવ્યો છે. ત્યારબાદ જમવાનો કાર્યક્રમ રહેશે. સભ્યોએ રૂ. ૧૦૦ ભરી તા. ૮-૧૦-૧૯ સુધીમાં નામ નોંધાવવા ખાસ નોંધ લેવી.

**દિપક નરહરી ઠાકર**
**માનદ્ મંત્રી**

---

## શ્રી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ - સોજીત્રા

(મો.) ૯૪૨૬૭૫૭૦૨૬

શ્રી સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ તરફથી રક્ષાબંધનના અગાઉના દિવસે તા. ૧૪-૮-૧૯ના બુધવારના દિવસે સમુહમાં યજ્ઞોપવિત (જનોઈ) બદલવાનો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. તેમાં શ્રી હરિહરભાઈ ઈન્દુપ્રસાદ દવેએ શાસ્રોકવિધી પ્રમાણે વિધી કરાવીને યજ્ઞોપવિત ધારણ કરાવી હતી. તેમાં મોટી સંખ્યામાં જ્ઞાતિના ભાઈઓ પધાર્યા હતા.

ત્યાર પછી શ્રી હરિહરભાઈ ઈન્દુપ્રસાદ દવે તરફથી બ્રહ્મભોજનનું આયોજન કરવામાં આવ્યું હતું.

**લઘુરૂદ્ર યજ્ઞ**

સોજીત્રા બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ દ્વારા સોજીત્રામાં બિરાજમાન અતિપુરાણા શ્રી રામનાથ મહાદેવના ટ્રસ્ટીઓ દ્વારા લઘુરૂદ્ર યજ્ઞ તા. ૨૫-૮-૧૯ શ્રાવણ વદ-૯ રવિવારના રોજ કરાવામાં આવેલ.

તેના મુખ્ય યજમાન શ્રી રાજેશકુમાર જગદીશભાઈ ભટ્ટ હતા. આ લઘુરૂદ્ર યજ્ઞમાં બીજી અનેક યજમાન બેઠા હતા. આ લઘુરૂદ્ર શાસ્રી શ્રી ગોવિંદભાઈ નટવરલાલ ત્રિવેદીએ શાસ્રોક્તવિધી પ્રમાણે વિધી કરાવી હતી. આ વિધી વખત સમગ્ર વાતાવરણ ધાર્મિક બની ગયું હતું. આ લઘુરૂદ્રમાં સોજીત્રા સંતરામ મંદિરના મહારાજ પણ પધાર્યા હતા.

આ લઘુરૂદ્ર યજ્ઞ બાદ જ્ઞાતિ સમાજે મહાપ્રસાદી લીધી હતી.

**સ્મશાન માટે દાન - દાન - દાન**

સોજીત્રા બાજખેડાવળ જ્ઞાતિ સમાજના સ્મશાનના સમારકામ (રિનોવેશન) કામ ચાલુ છે. તેમાં જ્ઞાતિ સમાજ તરફથી દાનની ગંગા અવિરત રીતે આવતી રહે છે. તેમાં (૧) શ્રી

હરિપ્રસાદ ભલાશંકર પાઠક તરફથી રૂ. ૧૧૦૦૦/- (૨) શ્રી રમેશભાઈ ભાનુપ્રસાદ ડોળીયા રૂ. ૫૦૦૦/-

**શ્રાવણ માસના દસ વર્ષની મહાપૂજા શ્રી રામનાથ મહાદેવ માટે**

(૧) સ્વ. ગંગા હરિગંગાબેન બાબુભાઈ ઠાકર તરફથી રૂ. ૧૫૦૦/- (૨) સ્વ. અશોકભાઈ બાલુભાઈ ઠગટ રૂ. ૧૫૦૦/-

આમ સર્વે જ્ઞાતિજનોનો ખૂબ ખૂબ આભાર. આ ભગીરથ કાર્યમાં સહયોગ આપી જ્ઞાતિના હાથ મજબૂત કર્યા છે.

અગાઉ જે જ્ઞાતિજનોને દાનની ગંગા વહેવડાવી છે. તેમનો ખૂબ ખૂબ આભાર.

**સંદીપ ઠાકર** — **ડોળીયા બળવંત બી.**
**મંત્રીશ્રી** — **પ્રમુખશ્રી**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, આણંદ

શ્રી બાજખેડાવાળ અતિથિ ગૃહ, આઝાદ મેદાન, આણંદ-૩૮૮૦૦૧ ફોન : ૦૨૬૯૨-૨૪૪૨૧૨

તા. ૩-૯-૧૯ને મંગળવારના રોજ કેવડાત્રીજ, સામાપાંચમ, અગિયારસ વગેરે ધાર્મિક પવિત્ર વ્રતોનું ઉજવતા કરવાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં વીસ બેનોએ આ વ્રત ઉધાપન કરવામાં ભાગ લીધો હતો. ગુરૂવર્ય દ્વારા સુંદર પૂજા તથા પાઠ વાર્તાનું મધુર કંઠે આયોજન કરવામાં આવ્યું હતું. સર્વે બેનોએ ખૂબ જ આનંદ, ઉત્સાહ અને પ્રેમપૂર્વક પૂજાવિધિ કરી સંતોષ વ્યક્ત કર્યો હતો.

આ ધાર્મિક પ્રસંગમાં મનોરદાના અનાજ, પુજાપો, કેળાનો પ્રસાદ, દિપ્તિબેન નીલેશકુમાર પંડ્યા તરફથી મળેલ છે. મધ્યાહન સમયે ફુલ ફરાળ તથા ચ્હા-કોફીનું દાન બા.ખે.મ.મં.ના આધસ્થાપક શ્રી વનલતાબેન સી. ભટ્ટ તરફથી પ્રાપ્ત થયેલ છે. ગીતાબેન શુકલ દ્વારા બધી જ બેનોને પેંડાનું વિતરણ કરવામાં આવ્યું હતું. સમાપનના આરે આરતી ટાણે ભારતીબેન દવે તરફથી પ્રસાદમાં પેંડા તથા સુંદર કાંડના પાઠની ચોપડીનું પુજામાં બેઠેલ બેનોને વિતરણ કરવામાં આવ્યું હતું. મીનાબેન શેલત દ્વારા પ્રસાદમાં પેંડા આપવામાં આવ્યા હતા. શીંદદાણા તથા સાકરનો પ્રસાદ આપવામાં આવ્યો હતો.

બા.ખે.મ.મં.ને માયાબેન દવે તરફથી રૂ. ૫૦૦/-નું દાન પ્રાપ્ત થયેલ છે. રક્ષાબેન ગોર (સોજીત્રા) તરફથી રૂ. ૫૦૦/- મંડળને પ્રાપ્ત થયેલ છે. અત્રે પૂજામાં બેઠેલ સર્વે બેનોનો તથા મંડળની સર્વે બેનોનો સાથ સહકાર પ્રાપ્ત થયેલ હોય સર્વેનો આભાર માનવામાં આવ્યો હતો.

આગામી કાર્યક્રમ શારદીય નવરાત્રિમાં એક દિવસીય ગરબાનું આયોજન તા. ૨-૧૦-૧૯ને આસો સુદ ચોથને બુધવારના રોજ બપોરના ૩.૦૦ થી ૫.૦૦ કલાકનું આયોજન કરવામાં આવેલ છે. તો આ શુભ પ્રસંગે ગરબાનો આલ્હાદક આનંદ મેળવવા સર્વે બેનોને પધારવા હાર્દિક આમંત્રણ છે.

**મીનાબેન શેલત** — **સુમિત્રાબેન ઠાકર**
**પ્રમુખ** — **મંત્રી**

## શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ

"ૐ નિકેતન", નં. ૩૨૬, (નવો નં. ૩૮૦), મિન્ટ સ્ટ્રીટ, ચૈન્નઈ-૬૦૦૦૦૩

શ્રી ગુજરાતી બાજખેડાવાળ જ્ઞાતિ સમાજ ચેન્નઈના આશ્રયે આ વર્ષે પણ પ્રતિ વર્ષ મુજબ બળેવ પ્રીતી ભોજન રાખવામાં આવેલ સમસ્ત જ્ઞાતિજનોએ સુંદર સાથ અને સહકાર આપી બળેવ પર્વ તા. ૧૫-૮-૧૯ના રોજ મનાવવામાં આવેલ.

શ્રાવણ માસ દરમ્યાન રોજ મહાપૂજા કરી તા ૩૦-૮-૧૯ને અમાસના દિવસે જ્ઞાતિ બંધુઓએ ખૂબ જ ભક્તિભાવની સાંજની પૂજા બાદ ભંડારા નિમિત્તે સુંદર મહાપ્રસાદીની મજા સમસ્ત જ્ઞાતિજનોને માણી હતી.

પ્રતિ વર્ષ મુજબ આ વર્ષે પણ બાવન ગજની ધજા અંબાજી શિખર પર ચઢાવવા માટે ચૈન્નઈની સમાજના અનેક સભ્યો અંબાજી જવા તા. ૫-૯-૧૯ નીકળેલ છે.

ગણેશ ચતુર્થીના રોજ લગભગ ત્રીજા યજમાને ત્યાં ધજા પધરામણી કરીને આખો દિવસ વૈષ્ણવ સ્કુલ હોલમાં ભાવપૂર્વક માતાજીની પૂજા બાદ સાંજે ભજન કીર્તન કરી બધાને માટે મહાપ્રસાદી સમાજના ભવનમાં રાખવામાં આવેલ.

આ ધજા આણંદ, પીપળાવ ખાતે અમદાવાદ સૌ જ્ઞાતિજનોને ત્યાં પધરામણી કરી તા. ૧૦-૯-૧૯ના રાતના અંબાજી જવા નીકળશે. તા. ૧૨-૯-૧૯ને અનંત ચતુરથીના રોજ સવારે આ બાવનગજની ધજા પૂર્ણ વિધીની અંબાજી શિખર પર ફરકાવવામાં આવશે.

**અરૂણભાઈ જે. દવે**
**પ્રમુખ**

**કિરણભાઈ સી. પંડ્યા**
**કમલેશભાઈ એચ. ભટ્ટ**
**મંત્રીઓ**

## શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ

ઓફિસ – શ્રી નિર્મળાબેન જે. દેસાઈ, "મંગલમ સ્ટોર્સ", ઈચ્છાબેનની વાડીની બાજુમાં, પુષ્પકુંજ, કાંકરીયા, અમદાવાદ. ફોન – ૨૫૪૬૬૭૫૧, ૯૩૨૮૨૩૦૬૭૦

### અગિયારસ વ્રત ઉધાપન

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ અમદાવાદ દ્વારા ગુરૂદેવશ્રી ચંદ્રકાંતભાઈ દવે દ્વારા આ વ્રતનું ઉધાપન તા. ૭-૧૨-૨૦૧૯ને શનિવારના રોજ પુનિતાશ્રમ મુકામે કરાવવામાં આવશે. જે બહેનોએ ભાગ લેવાનો હોય તેઓએ વહેલી તકે ઉપરોક્ત ટે.નં. પર પોતાના નામ નોંધાવી દેવા.

### અન્નપૂર્ણા સહાય યોજના

અમારી સંસ્થા દ્વારા ચાલતી આ યોજના અંતર્ગત ઉમરેઠ-ડાકોર સ્થિત જરૂરીયાતમંદ જ્ઞાતિજનોને દર ત્રણ મહિને ત્રણ મહિના ચાલે તેટલી અનાજ સામગ્રી પહોંચતી કરવામાં આવે છે. આ માટે અમોને જ્ઞાતિ સમાજના ઉદાર દાતાશ્રીઓ તરફથી દાન-ફંડ મળતું રહે છે. આ વખતે અમોને દાતાશ્રીઓ તરફથી દાન-ફંડ ભેટ મળેલ છે.

(૧) શ્રી મૌનલબેન સૌમિલભાઈ દવે (લ્હાણી નિમિત્તે ભેટ) રૂ. ૧૫૦૦૦/- (૨) શ્રી પ્રિયંકાબેન પ્રિતેશભાઈ ખંભોળજા (લ્હાણી નિમિત્તે ભેટ) રૂ. ૧૫,૦૦૦/- (3) શ્રી મધુસુદનભાઈ એન. શેલત તરફથી સ્વ. મંજુલાબેન મધુસૂદન શેલતના સ્મરણાર્થે (અન્નપૂર્ણા સહાય ફંડ)

રૂ. ૨૦૦૦૦/- (૪) શ્રી વૈશાલીબેન હેતલકુમાર ભટ્ટ રૂ. ૧૫૦૦/- (૫) શ્રી ભારતીબેન મહેન્દ્રભાઈ દવે રૂ. ૫૦૧/- (૬) શ્રી હીનાબેન રજનીકાંત ભટ્ટ રૂ. ૫૦૧/- (૭) શ્રી લીનાબેન મુકેશભાઈ ડણાક રૂ. ૫૦૦/- (૮) પ્રગતિ યુવક મંડળ રૂ. ૫૦૦/-

**નૂતન વર્ષાભિનંદન**

શ્રી બાજખેડાવાળ મહિલા મંડળ, અમદાવાદ તરફથી સર્વે જ્ઞાતિજનોને નવા વર્ષ નિમિત્તે શુભેચ્છા પાઠવી છીએ.

| મંત્રીશ્રી | પ્રમુખ |
|---|---|
| બેલાબેન દેસાઈ / ભોપીબેન ભટ્ટ | કલ્પનાબેન ખંભોળજા |

## શ્રી બાજખેડાવાળ વયસ્ક નાગરિક મંડળ, નડીયાદ

તા. ૨૭-૮-૯ મંગળવારે સવારે ૯.૦૦ થી બપોરના ૧૨.૩૦ દરમ્યાન પ્રમુખશ્રી અશોકકુમાર દવેના અધ્યક્ષ પદે બીજી સામાન્ય સભા મળી સંસ્થાના સ્થાપક પ્રમુખ શ્રીમાન નરહરિભાઈ ઢગટને સન્માનપૂર્વક ઉપપ્રમુખશ્રી નરેન્દ્રભાઈ દવે ડાયસ ઉપર બેસાડ્યા તેમનું પુષ્પગુચ્છથી સ્વાગત કર્યું.

સૌ સભ્યોની સહમતિથી કારોબારીનું વિસ્તૃતિ રાહ યાદી જાહેર કરી જે નીચે મુજબ છે.

(૧) શ્રી અશોકકુમાર એચ. દવે (પ્રમુખ) (૨) શ્રી નરેન્દ્રભાઈ દવે (ઉપપ્રમુખ) (૩) સતિષભાઈ આર. પંડ્યા (મંત્રી) (૪) કિરણભાઈ એસ. જોષી (સહમંત્રી) (૫) કિરણભાઈ એસ. જોષી (સહમંત્રી) (૬) પ્રિતેશ દેસાઈ (ખજાનચી) (૭) સલાહકાર - શ્રીમતી કોકીલાબેન જોષી તથા શ્રી રમેશભાઈ આર. દવે (૮) કારોબારી - શ્રી ઉપેન્દ્રભાઈ પંડ્યા, શ્રી મહાવીરભાઈ દેસાઈ, શ્રીમતી હેમલતાબેન દવે, શ્રીમતી હર્ષાબેન શેલત, શ્રી કિશોરભાઈ વિષ્ણુભાઈ દેસાઈ, મનોજભાઈ જે. શેલત, કિર્તિકુમાર ભટ્ટ, પૂર્વપ્રમુખ આઈ.પી.પી. - શ્રી મનહરભાઈ દવે, સ્થાપક પ્રમુખશ્રી નરહરિભાઈ ઢગટ

કુલ સભ્યો ૧૨૮ નવા વર્ષમાં થયા ભારે વરસાદ હોવા છતાં ૮૦ થી વધુ સભ્યો ઉપસ્થિત રહ્યા હતા.

કૃષ્ણ જન્મોત્સવના કાર્યક્રમમાં પારણું શરગાર્યું તથા દિપ પ્રગટાવ્યો જેમાં શ્રીમતી કોકિલાબેન જોષી, હેમલતાબેન દવે, હર્ષાબેન શેલત તથા અંજનાબેન દવે જોડાયા હતા.

ભજન, દેશભક્તિગીતો, રક્ષાબંધનના ગીતો તથા દાંડિયા રાસમાં હોંશભેર સૌએ ભાગ લીધો. શ્રી પ્રવિણભાઈ મધુર કંઠે ભજનો ધૂન તથા આરતી કરી સૌને આનંદિત કર્યા.

આજના ભોજન યજમાન તથા તા. ૧૦-૭-૧૯ના રોજના ભોજન યજમાન શ્રીમતી જયશ્રીબેન દવે તથા શ્રીમતી જ્યોત્સનાબેન દવેને પુષ્પગુચ્છથી તથા મોમેન્ટો અર્પી સન્માન કોકિલાબેન જોષીએ કર્યું.

સ્થાપક પ્રમુખ શ્રી નરહરિભાઈ ઢગટ તથા પૂર્વ પ્રમુખશ્રી રમેશભાઈ દવે તરફથી સંસ્થાને રૂ. ૫૦૦/- + રૂ. ૫૦૦/- રોકડ ભેટ આપી.

શ્રી નરેન્દ્રભાઈ દવે ઉપપ્રમુખશ્રીના વરદ્ હસ્તે મટકી ફોડતાં તેમાંથી ચોકલેટો લૂટવાનો સૌએ આનંદ માણ્યો.

અંતે આભારવિધિ - રાષ્ટ્રગાન વિધિ પૂરી હતી. આગામી સામાન્ય સભા તા. ૨૭-૯-૧૯ સાંજે ૫.૦૦ રાખવામાં આવશેની જાહેરાત મંત્રીશ્રી એ કરી.

સૌ અગિયારસ હોઈ મિષ્ઠ ફરાળનો સૌએ આસ્વાદ માણ્યો. સંજોગોવશાત્ મંત્રી સભામાં ઉપસ્થિત ન હતા.

**નરેન્દ્રભાઈ દવે** — **ઉપપ્રમુખ**

**કિર્તીભાઈ ભટ્ટ** — **કાર્યકારી મંત્રીશ્રી**

## મોરડ બાજખેડાવાળ બ્રહ્મ સમાજ

શ્રી નિલકંઠ મહાદેવ, મુ.પો. મોરડ, તા. પેટલાદ, જી. આણંદ-૩૮૮૧૩૦

મોરડ શ્રી નિલકંઠેશ્વર મહાદેવમાં બહાર રહેતા અને ગામમાં રહેતા સર્વે મોરડ વડીલો, યુવાનો અને કુટુંબીજનો શ્રાવણી અમાસે દર વર્ષેની જેમ એકઠા થયેલ. અમાસના દિવસે સવારથી જ મોરડ નગરીમાં સોનેરી દિવસ લાગતો હતો. જગતના તાત એવા શ્રી શંકરદાદાને એવા શણગારેલા કે જે તેમની સામે દેખે તે દરેકને સ્માઈલ સાથે આશિર્વાદ આપતા હતા.

દર વર્ષની માફક હવનનું આયોજન આજીવન દાતા શ્રી પૂ. કાન્તીલાલ ત્રિવેદી (પ્રો. કે. એમ. ત્રિવેદી) તરફથી જ હોય છે. પણ આ વખતે શ્રી શિવજી ભક્ત એવા શ્રી શૈલેષભાઈ ત્રિવેદી) તરફથી હવન તેમજ મહાપ્રસાદનું આયોજન કરાયેલ હતું. હવનમાં જનોઈધારી યુવાનો અને નવયુગલોએ ભાગ લીધો હતો. શ્રી આચાર્યએ વૈદિક વિધિથી હવન કરાવીને સંપૂર્ણ વાતાવરણ શિવમય બનાવેલ. હવન પૂર્ણ થયા બાદ શ્રી શિવજીની ડબ્બલ આરતી કરી હતી. આરતી પૂર્ણ થયા પછી શ્રી શૈલેષભાઈ ત્રિવેદી તરફથી જે મહાપ્રસાદ (ભોજન)નું આયોજન કરેલ તેનો જ્ઞાતિજનોએ આનંદથી-ઉત્સાહથી બધાએ ભોજનનો સ્વાદ દિલથી માન્યો હતો.

મોરડ વતની શ્રી પંકજભાઈ દેવશંકર ત્રિવેદીએ મહાદેવ ગેટ ઉપર જે બોક્ષ બનાવેલ છે. તેમાં શ્રી શિવજી પરિવારની મૂર્તિઓ માટે રૂ. ૨૫૦૦૦/- શ્રી ભોલેના ચરણોમાં અર્પણ કરેલ છે. તેવી જ રીતે બોક્ષ માટે કાચના શટરો માટે આણંદ વતની અને મોરડના ભાણાભાઈ શ્રી કિરીટભાઈ બળવંતરાય ઠાકરે તેમના માતૃશ્રી શ્રી ગં.સ્વ. રામલક્ષ્મીબેનની યાદગીરીમાં રૂ. ૧૧,૧૧૧/- શ્રી ભોલેના ચરણોમાં અર્પણ કરેલ છે. આપ આ બંને દાતાઓનો મોરડ સમાજ તેમનો ખૂબ-ખૂબ આભાર વ્યક્ત કરે છે અને તેમનો દરેક ક્ષેત્રે પ્રગતિ થાય તેવી શ્રી ભોલેને પ્રાર્થના.

આમ શ્રાવણી અમાસના હવનનો અને ભોજનનો લ્હાવો માની શ્રી ભોલેના નારા સાથે સૌ આનંદથી છૂટા પડ્યા હતા.

**ચંદ્રકાન્ત અંબાલાલ ત્રિવેદી**
**પ્રમુખ**

## શ્રી અમરેશ્વર મહાદેવ - વારાહી માતા - કાળકા માતા તથા જલારામ બાપા ટ્રસ્ટ ઉમરેઠ

વારાહી માતા મંદિર, વારાહી ચકલ, ઉમરેઠ-૩૮૮૨૨૦ (ગુજરાત) (મો.) ૯૮૨૪૫૯૬૬૯૬

સર્વે જ્ઞાતિજનોની શ્રી જય વારાહી માતાજી શ્રી વારાહી માતાજીનો આસો સુદ નોમનો વિશ્વવિખ્યાત હવન તા. ૭-૧૦-૨૦૧૯ સોમવારના રોજ ભરતભાઈ દયાશંકર દવેના યજમાન પદે પરંપરાગત રાત્રિના ૧૧.૦૦ કલાકથી રાબેતા મુજબ શરૂ થશે. તા. ૭-૧૦-૧૯ને સોમવારના

રોજ વારાહી માતાજીના મંદિરે સવારે ૯.૩૦ કલાકે શ્રી વારાહી માતાજીની પ્રારંભના પુજા થશે. આસો માસ નવરાત્રિ દરમિયાન દરરોજ સાંપન આરતિ બાદ માતાજીના મંદિરમાં ચંડીપાઠ થશે. ચંડીપાઠમાં લ્હાણીનું વિતરણ કરવામાં આવશે. આસો સુદ છ થી આસો સુદ ચૌદસ સુધી માતાજીના ચોકમાં ગરબાનું આયોજન કરેલ છે. તા. ૯–૧૦–૧૯થી તા. ૧૨–૧૦–૧૯ દરમ્યાન ડાકોરના પરાસર ગ્રુપ દ્વાર ગરબાની રમઝટ બોલાવામાં આવશે. ગરબામાં લ્હાણી રોકડ ઈનામ–નાસ્તો આપવામાં આવશે. આસો સુદ ચૌદસના દિવસે મધ્ય રાત્રિએ શ્રી વારાહી માતાજીના ગરબાની આચાર્યશ્રી ચંદ્રકાન્તભાઈ દવે દ્વારા પૂર્ણાહૂતિ કરવામાં આવશે. શ્રી વારાહી માતાજીના મંદિરે (૧) અખંડ દિવા (૨) જીર્ણોદ્ધાર (૩) તિથિ નિમિત્તે તેમજ અન્ય ભેટ લેવામાં આવે છે. તો સર્વે જ્ઞાતિજનોએ તન–મન–ધનથી સહકાર આપવા વિનંતી છે.

સર્વે દાતાઓનો આભાર માનવામાં આવે છે. શ્રી વારાહી માતાજીના ઘણા–પરચા–(ચમત્કાર) લોકોને થયેલ છે.

**સુરેશભાઈ જોષી–પ્રમુખ**

## શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ, નડીયાદ

બાજખેડાવાળ હોલ, શ્રી છાંગેશ્વર મહાદેવ પાસે, સંતરામ મંદિર પાસે, નડીયાદ.

ફોન–૦૨૬૮–૨૫૬૬૩૮૪

શ્રી બાજખેડાવાળ મહિલા સમાજ નડિયાદ દ્વારા તા. ૧–૯–૧૯ને રવિવારના રોજ કેવડાત્રીજની પૂજાનું આયોજન કરવામાં આવ્યું હતું. તેમાં સારી સંખ્યામાં બહેનો જોડાયેલ હતી. તા. ૩–૯–૧૯ને મંગળવારના રોજ સામાપાંચમની ઉજવણી કરવામાં આવી હતી. જેમાં લગભગ પંદર બહેનોએ ભાગ લીધેલ હતો. સામાપાંચમની ઉજવણી શ્રીમતી જયશ્રીબેન નરેન્દ્રભાઈ દવેના સૌજન્ય દ્વારા કરવામાં આવી હતી. સામાપાંચમની ફરાળમાં લગભગ ૧૦૦ જેટલી બહેનોએ ફરાળમાં ભાગ લીધેલ હતો. સમાજની બહેનોએ તથા દાતાશ્રીઓએ અવીરત દાનનો પ્રવાહ વહેવડાવી આર્થિક સહયોગ આપનારનો અને મહિલા સમાજને સાથ સહકાર આપનાર સમાજની બહેનોનો હૃદયપૂર્વક આભાર માનીએ છીએ.

